સપ્ટેમ્બર ૨૦૧૬

કિંમત ₹ ૧૨/-

દાદા ભગવાન પરિવારનું

# અક્રમ એક્સપ્રેસ



અક્રમ એક્સપ્રેસ

# ઈરીટેશન...એક નબળાઈ

## સંપાદકીય

બાળમિત્રો,

ઈરીટેટ થઈ જવું એ તો આપણા માટે સામાન્ય બાબત બની ગઈ છે. વાત વાતમાં આપણે ઈરીટેટ થઈ જતા હોઈએ છીએ. શું આપણને આપણી આ નબળાઈનો અને એનાથી થતા નુકશાનનો ખ્યાલ આવે છે?

પરમ પૂજ્ય દાદાશ્રીએ આ અંગે સુંદર સમજણ આપી છે. જેથી આપણે આમાંથી બહાર નીકળવાનો પુરુષાર્થ કરી શકીએ.

તો આવો, આ અંક વાંચીને આપણે આ નબળાઈને દૂર કરવા સમર્થ બનીએ.

-ડીમ્પલભાઈ મહેતા


તંત્રી તથા સંપાદક:
ડિમ્પલ મહેતા
વર્ષ : ૯, અંક : ૧
સળંગ અંક : ૯૭
સપ્ટેમ્બર ૨૦૧૬



સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org



Printed & Published by

Dimple Mehta on behalf of
Mahavideh Foundation
5, Mamtapark Society,
Bh.Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

Owned by
Mahavideh Foundation
5, Mamtapark Society,
Bh.Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

Printed at
Amba Offset
Basement, Parshvanath
Chambers, Nr.RBI,
Usmanpura, Ahmedabad-14.

Published at
Mahavideh Foundation
5, Mamtapark Society,
Bh.Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૧૨૫ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૦ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૫૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૪૦ પાઉન્ડ
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.



# જ્ઞાનીઓ કહે છે.

ઈરીટેશન એટલે ગુસ્સાની શરુ થવાની સ્ટેજ. ઈરીટેટ થવાનું કારણ શું છે ? આપણને ના ગમતું કંઈ આવે એટલે ઈરીટેટ થઈ જઈએ. ના ગમતું એટલે શું ? આપણા વ્યુ પોઈન્ટથી જૂદું આવે, આપણું કરેલું સામાને ના ગમે અને એનું કરેલું આપણને ના ગમે એટલે ઈરીટેટ થઈ જવાય. બીજું, આપણે કંઈ કહેતા હોય અને સામો કંઈ તૃત્યમ સમજે તો ય ઈરીટેટ થઈ જવાય.

સામી વ્યક્તિને એવું હોય નહીં કે હું કોઈને ઈરીટેટ કરું. પણ એ જ્યાં જાય ત્યાં ઈરીટેટ કર્યા વગર રહે નહીં. હવે, એ છે સંપૂર્ણ નિર્દોષ. એને તો એવી ખબર જ ના હોય કે મારાથી એવું કંઈક થાય છે, જેનાથી સામો ઈરીટેટ થાય છે. પણ, એ ખાલી આવીને આમ ઊભા રહે તો ય આપણે ઈરીટેટ થઈ જઈએ.

નાની નાની બાબતોમાં બહુ ઈરીટેટ થઈ જવાતુ હોય છે. ઈરીટેશન આનંદમાં રહેવા ના દે. જે વસ્તુ રોજ રોજ રીપીટ થતી હોય અને એના માટે જો આપણે ઈરીટેટ થતા હોઈએ તો એ આપણી જ ભૂલ છે. ત્યાં આપણે જાતે જ એવા થઈ જવું પડે કે આપણને ઈરીટેશન ના થાય. ગમે તે થાય પણ આપણે ઈરીટેટ ના થઈએ. કંઈક સમજણથી આપણા ઈરીટેશનનો અંત લાવીએ તો આપણે જીત્યા. ત્યાં આપણે નક્કી કરવાનું કે, આ ઈરીટેશન થાય છે એ મારી વિકનેસ છે, સામાની નહીં અને મારે એમાંથી નીકળવું છે. મને ઈરીટેશન ના થાય અને હું સહજ રહી શકું એવા બનવું છે.

પ્રશ્નકર્તા : જો આપણાથી સામો ઈરીટેટ થતો હોય તો ?

નીરૂમા : તો આપણે પ્રતિક્રમણ કરવા પડે. જો ખબર પડે કે આપણાથી સામો ઈરીટેટ થાય છે તો તપાસે ય કરવી પડે કે આપણી કઈ વાતથી ઈરીટેટ થાય છે.



# આ તો નવી જ વાત

જેટલો વધારે સેન્સીટીવ હોય, એટલો વધારે ઈરીટેટ થાય.





સામાને સુધારવાથી કંઈ આપણું ઈરીટેશન બંધ નથી થવાનું. એને નિર્દોષ જોઈએ અને તેની અંદર બેઠેલા ભગવાનના દર્શન કરીએ, તો આપણું ઈરીટેશન જતું રહે.

કોઈને ઈરીટેટ કરીએ અને તેમાં આનંદ આવે, એ મહા પાશવી આનંદ કહેવાય.આવતા ભવે પશુ થવું પડે.



# સાચું છત્ર ક્યું ?



બહુ વર્ષો પહેલાંની આ વાત છે. સુંદરપુર નામનું એક સુંદર રાજ્ય હતું. ત્યાં તેજસિંહ નામનો ખુબ તેજસ્વી રાજા રાજ કરતો હતો. એમને માનસિંહ નામનો એકનો એક પુત્ર હતો.

ખૂબ લાડકોડમાં ઉછરેલા આ કુંવરને નાની નાની બાબતોમાં અકળામણ થતી. કોઈ પ્રેમથી ગાલ પર હાથ ફેરવે, કોઈ વહાલ કરે તો એ એમને ગમતું નહીં. કોઈની અમુક આદત કે રીતભાત એમને પસંદ ના પડે તો અંદરો અંદર અકળામણ અનુભવતા. કોઈ જોરથી બોલે, જમતી વખતે અવાજ કરીને ખાય, ઉંઘમાં નસકોરા બોલાવે તો તેઓ અકળાઈ જતા.

કુંવર જેમ જેમ મોટા થતા ગયા તેમ તેમ એમની અકળામણ અને ચીઢ વધતી ગઈ. યુવાન થતાં એમના લગ્ન ભાનુમતિ નામની રાજકુમારી સાથે થયા. કુંવરને રાજ્ય સોંપી રાજા અને રાણીએ વનપ્રસ્થાન કર્યું.

સુંદરપુરના લાડકા કુંવર રાજા બન્યા એટલે પ્રજાની આશાઓ અને અપેક્ષાઓ પણ વધી. પોતાના પિતા કરતા પણ વધુ નામના એમના પુત્ર મેળવે એવી પ્રજાની ઈચ્છા હતી. નવા રાજા-રાણી પણ ખૂબ ઉત્સાહમાં હતા. એમને પણ પ્રજાના હિતના કામ કરીને પિતાની કીર્તિ આગળ વધારવાની ધગશ હતી.

પણ રાજાની આ ધગશમાં અવરોધરૂપ બની ગઈ એમની જૂની સમસ્યા - અકળામણની... ! દરબારમાં કોઈ મુદા પર ચર્ચા વિચારણા થતી હોય અને જો કોઈને છીંક આવે, કે કોઈ જરા જોરથી બોલે અથવા જોરથી હસે, તો રાજાને અકળામણ શરૂ થાય. અકળામણને કારણે એમની એકાગ્રતા તૂટી જતી. સલાહકારોની વાત પર તેઓ ગંભીરતાથી વિચાર કરી શકતા નહીં. ક્યારેક તેઓ કોઈ તારણ પર ના આવી શકતા, તો ક્યારેક ઉતાવળમાં ખોટા નિર્ણય

લઈ લેતા. રાજકાજના કામમાં આનંદ ઉત્સાહની જગ્યાએ અકળામણ આવી ગઈ.

એક દિવસ પાડોશના રાજા અચાનક મિત્રતા કરવા આવી ચડ્યા. અગાઉથી જાણ કર્યા વગર એમનું આમ આવવું, રાજા માનસિંહને ખટક્યું. પણ રાજનીતિ અનુસાર એમણે એમનો આદર સત્કાર કર્યો. ભોજન સમયે, મહેમાન રાજાની અવાજ કરીને જમવાની અને જમતા જમતા જોર જોરથી હસવાની આદતથી રાજા માનસિંહ બેચેન થઈ ગયા. અને જમતા જમતા જ ઉભા થઈ ગયા. રાજા માનસિંહના આવા વર્તનથી પાડોશી રાજા ખૂબ નારાજ થયા. રાજ્યમાં પાછા ફરી તેમણે માનસિંહને "મિત્રતા ફોક" નો સંદેશો મોકલ્યો.

અને આમ, રાજ્યના વિકાસના કામ, લોક-હિતના કામ, સુધરવાને બદલે બગડવા લાગ્યા. પ્રજામાં અસંતોષ અને નિરાશા ફેલાવવા લાગી. આસપાસના રાજ્યોમાં પોતાના રાજ્યની કીર્તિ ઝાંખી પડતી જોઈને રાજા માનસિંહ બેચેન બની ગયા હતા. રાજાને



*"રાણીને આવી સ્થિતિમાં જોઈને રાજા ચિંતિત બની ગયા. તે દિવસે રાજા રાણી સાથે કોઈ સિપાહીઓ નહોતા."*

આમ બેચેન જોઈ રાણી ભાનુમતીને એમની ફિકર થવા લાગી. રાજાની બેચેનીનું કારણ અને એનું નિવારણ શોધી કાઢવાનું એમણે નક્કી કર્યું.

"આજે હું આખો દિવસ આપની સાથે વિતાવી શકું?" રાણીએ રાજાને વિનંતી કરી.

રાજાને રાણી પ્રત્યે ખુબ માન અને પ્રેમ. રાજાને થયું કે રાણી ગુણવાન અને બુદ્ધિશાળી તો છે જ, જો એ રાજ કાજમાં સાથે રહેશે તો ચોક્કસ સારા પરિણામ આવશે. આમ વિચારી રાજાએ એમને પરવાનગી આપી. તે દિવસે રાણીએ રાજાનું ધ્યાનથી અવલોકન કર્યું. એમને રાજાની અકળામણનો ખ્યાલ આવ્યો.

રાણી ભાનુમતી ખુબ જ ચતુર હતા. રાજાની આ અકળામણ દૂર કરવા એમણે એક યોજના બનાવી. બીજા દિવસે તેઓ રાજાને વનમાં સહેલ કરવા લઈ ગયા. અમુક પળ આનંદમાં વીત્યા, ત્યાં તો રાજા પક્ષીઓના કલરવથી બેચેન બની ગયા. રસ્તામાં ઉડતી ધૂળને કારણે એમને અકળામણ થવા લાગી.

"રાણી, હવે આપણે પાછા જઈશું?" રાજાએ રાણીને નિવેદન કર્યું.

રાણીને રાજાની બેચેનીનો ખ્યાલ આવી ગયો. પણ એમણે રાજાને થોડું વધુ રોકાવવા માટે આગ્રહ કર્યો. સુરજ હવે માથે ચડી ગયો હતો. ગરમીને કારણે રાણીની ચામડી પર અચાનક માઠી અસર થવા લાગી. ગરમીથી બળતરા થવાને કારણે રાણીની ચામડી પર લાલાશ આવી ગઈ અને શરીર પર ફોલ્લીઓ ઉપસી આવી.

રાણીએ કહ્યું, "મને બહુ અકળામણ થાય છે, આકરો તાપ સહન નથી થતો અને આખા શરીરે લ્હાય બળે છે."

રાણીને આવી સ્થિતિમાં જોઈને રાજા ચિંતિત બની ગયા. તે દિવસે રાજા રાણી સાથે કોઈ સિપાહીઓ નહોતા. અને તેઓ મહેલથી ખૂબ દૂર આવી ચુક્યા હતા. એક ક્ષણનો પણ વિલંબ કર્યા વગર રાજાએ રાણીને એક ઝાડ નીચે બેસાડ્યા. પીળી માટીનો લેપ કરી રાણીના ચહેરા અને પગ પર લગાવ્યો. આસપાસના મોટા પાંદડાં, વેલા અને ડાળખાંની મદદથી એક છત્ર જેવું બનાવી રાણીના માથે ધર્યું. રાણીને થોડું સારું લાગ્યું.

ધીમા અવાજે રાણીએ રાજાને પૂછ્યું, "આપે આવું શી રીતે કર્યું? માટીની ચીઢ ભૂલીને આપના હાથે મને માટી ચોપડી? પક્ષીઓના અવાજમાં કંટાળ્યા વગર એકાગ્રતાથી મારા માટે છત્ર બનાવ્યું?"

રાજાએ થોડા ઊંચા સ્વરે રાણીને ઉત્તર આપ્યો, "તમારી નબળાઈની તમને પહેલેથી જ ખબર હતી. તેમ છતાં ગરમીમાં અહીં રોકાવાની જીદ કેમ કરી? પહેલા પોતાની નબળાઈને મટાવી જાતને મજબુત કરો અને પછી સહેલ પર જવાની યોજનાઓ બનાવો."

થોડી ક્ષણો સુધી ચુપકીદી છવાઈ ગઈ. પછી થોડા ઠંડા પડીને રાજા બોલ્યા, "તમને બળતરાથી રાહત આપવા માટે હું સૂર્યનો તાપ તો રોકી નથી શકતો પણ તમને રક્ષણ આપવા છત્ર અને ઠંડક આપવા માટીનો લેપ તો બનાવી શકુને? મારા મનમાં આપના પ્રત્યેનો સ્નેહ, મારી અકળામણ અને કંટાળા કરતા અનેકગણો વધુ છે."

**"રાણી પોતાના ખંડમાં આરામ કરી રહ્યા હતા ત્યારે રાજા એમની ખબર પૂછવા આવ્યા, "હવે આપને કેવું લાગે છે?"**

મહેલમાં પહોંચ્યા બાદ, વૈદ્યોએ રાણીનો ઉપચાર કર્યો. રાણી પોતાના ખંડમાં આરામ કરી રહ્યા હતા ત્યારે રાજા એમની ખબર પૂછવા આવ્યા, "હવે આપને કેવું લાગે છે ?"

રાણી હસીને બોલ્યા, "હું તો સાજી થઈ ગઈ પણ તમને કેમ છે ?"

રાજાને આશ્ચર્ય થયું, "મને ?"

"હા", રાણીએ કહ્યું, "જે સલાહ તમે મને આપી, એ જ વાત સમજાવવા હું આપને સહેલ પર લઈ ગઈ હતી અને તાપમાં રોકાવાનો આગ્રહ કર્યો હતો. કોઈની આદતથી અકળામણ થવી એ તો આપણી જ નબળાઈ કહેવાય. કોઈ વ્યક્તિ કે વસ્તુનો ઈરાદો તમને અકળાવવાનો નથી હોતો. જેમ સૂર્યનો તાપ રોકી ના શકાય પણ એનાથી બચવા માટે છત્ર બનાવી શકાય, તે જ રીતે વ્યક્તિની આદતો આપણે બદલી ના શકીએ પણ વ્યક્તિ પ્રત્યે આપણી દ્રષ્ટિ બદલી કાઢીએ તો એ આદતો આપણને અસર ના કરી શકે."

થોડી ક્ષણ થોભીને રાણીએ કહ્યું. "મારા પ્રત્યેના સ્નેહના કારણે આપે આપની બધી અકળામણો ભૂલીને મારું રક્ષણ કર્યું. તે જ રીતે પ્રજા પણ આપના સ્નેહની હકદાર છે. જો આપ આપના દરેક વ્યવહારમાં એ વ્યક્તિ પ્રત્યેના સ્નેહને લક્ષમાં રાખશો તો જરૂરથી આ નબળાઈને જીતી શકશો."

રાણીની વાત રાજાએ દિલથી સ્વીકારી અને પોતાની નબળાઈઓને જીતવાનું નક્કી કર્યું.

ત્યાર બાદ રાજાએ પોતાનું ધ્યાન રાજકાજ ઉપર કેન્દ્રિત કર્યું. જ્યારે પણ કોઈની આદતથી એમને અકળામણ થતી, ત્યારે તેઓ રાણીની શિખામણ યાદ કરી, એ પ્રમાણે વર્તતા. ધીરે ધીરે એમની બધી ચીઢ અને અકળામણ ગાયબ થઈ ગઈ.

પ્રજાને પણ રાજાના કામથી સુખ અને સંતોષ મળ્યા. રાજાની બધે વાહ વાહ થઈ અને ખાધું પીધું ને રાજ કર્યું....!!!



# કાયમી આનંદ



વૃદ્ધાશ્રમમાં, લંચ ટેબલ પર બધાની સાથે જમતા, અચાનક રોનક અટકી ગયો, એની મમ્મીને નવાઈ લાગી.
શું થયું બેટા ? કેમ ખાતા અટકી ગયો ?
રોનકે ઈશારો કર્યો. એની સામે વાળા દાદા ચોકઠું કાઢીને થાળીમાં જ ધોઈ રહ્યાં હતા.
ઈરીટેટ ન થા, એ એમની ટેવ છે. તું ત્યાં ધ્યાન આપ્યા વગર જમી લે.
ના મમ્મી, મને કંઈક થાય છે. આપણે ઘેર જઈએ ?
હું થોડું કામ પતાવી દઉં પછી જઈએ. ત્યાં સુધી તું બધા બા-દાદા સાથે વાતો કર.
ઓ.કે.


રોનક બધા જમીને બેઠાં હોય છે ત્યાં જાય છે. બધા, બા-દાદા વાતો કરતા હસતા હોય છે. એક બા રોનકને બાજુમાં બેસાડે છે.
આ માયા બહુ ડાહી અને હસમુખી છોકરી છે.
આટલી ભણેલી ગણેલી, મોટા ઘરની વહુ થઈ તો યે હજુ આપણી સેવા કરવા આવે છે.
ત્યાં એ બા એમના સાડીના છેડાથી નાક સાફ કરે છે. રોનક ફરી ઈરીટેટ થઈને ઉંચો નીચો થાય છે.
કેવી રીતે તું આટલી ખુશીથી સમાજસેવા કરે છે ? અમુક ટાઈમે મને બહુ ઈરીટેટ થાય છે.
ભગવાન શ્રીરામને યાદ કરીને. તેઓ કેટલા સૌમ્ય અને શાંત રહેતા હતા અને લક્ષ્મણ તારી જેમ અકળાઈ જતા હતા, એનું કારણ શું હશે ?
એવો એમનો સ્વભાવ હતો.


ખરું, પણ એમના કાયમી આનંદનું એક કારણ એ હતું કે તેઓ કદી અકળાતા નહોતા. અકળામણ એ ગુસ્સાનું જ નાનું રૂપ છે, એ વધીને ગુસ્સો બનીને બહાર આવે.
તને ખબર છે ને કે શબરીનાં એંઠા બોર એમણે ખુશીથી ખાધા હતા ?
હા અને લક્ષ્મણે પાછળ ફેંકી દીધા હતા.
એક્ઝેક્ટલી, લક્ષ્મણને એ જોઈને અકળામણ થઈ એટલે એમણે ફેંકી દીધા.
મમ્મી, તો શ્રીરામને કેમ અકળામણ ન થઈ ?
શ્રીરામને એમાં શબરીની ભક્તિ દેખાઈ અને લક્ષ્મણને ફક્ત એ એક્શન જ દેખાઈ, એની પાછળનો ભાવ નહીં.
હમમમ...
જેમ બા-દાદાની પણ તું ફક્ત એક્શન જ જૂએ છે, એમની પરિસ્થિતી કે ભાવ જોતો નથી.
બધા બા-દાદા કેટલા પ્રેમવાળા છે. તું અહીં એમના રૂમમાં બૂટ પહેરીને આવે છે, એમના પલંગ પર કૂદાકૂદ કરે છે પણ એમને અંદર કોઈ પ્રકારની ચીઢ નથી માટે તેઓ અકળાતા નથી.


એમ તુ પણ કોઈપણ જાતનું કામ ખુશી ખુશી કરી શકીશ.
તારી જેમ ?
હા
તો હું આજથી સામાની પરિસ્થિતી અને ભાવ સમજવાનો પ્રયત્ન કરીશ જેથી ઈરિટેટ ન થવાય.
પછી તારું મોઢું પણ કાયમ હસતું જ રહેશે.
શ્રીરામની જેમ ?
હા મારા રામ, અને રોનક મમ્મીને વળગી પડ્યો.

ભારતના સર્વ શ્રેષ્ઠ ક્રિકેટર સચિન તેંડુલકરનું નામ તો કોને નથી ખબર ? સચિન, ક્રિકેટના ધુરંધર બલ્લેબાજ (બેટીંગ) અને ઓલરાઉન્ડર તરીકે વિશ્વભરમાં પ્રખ્યાત છે.

આખી ક્રિકેટ કારકિર્દીમાં ફક્ત એક જ વાર તેઓ એક ટેસ્ટ મેચમાં સ્ટમ્પ આઉટ થયા હતા.


૨૦૦૨ની આ વાત છે. બેંગ્લોરમાં ઈંગ્લેન્ડ સામે ભારતની ટેસ્ટ મેચ રમાઈ રહી હતી. સચિને શરૂઆત તો જોરદાર બલ્લેબાજીથી કરીને પચાસ રન કરી લીધા હતા. એમની આવી જબરજસ્ત બલ્લેબાજીથી ઈંગ્લેન્ડની ટીમને ખ્યાલ આવી ગયો હતો કે કોઈ પણ જાતની વ્યૂહ રચનાથી કે ગેંદબાજીથી સચિનને આઉટ કરવા મુશ્કેલ છે.

# જીવંત ઉદાહરણ

## અકળામણ ભલભલાને પાડે છે.

પણ, ઈંગ્લેન્ડના કપ્તાને ટીમ સાથે નક્કી કર્યું કે સચિનને જો આઉટ ના કરાય તો, એમને વધુ રન તો ના જ કરવા દેવા. સચિન તેંડુલકર સેન્ચુરી પૂરી કરવાને આરે હતા. તેઓ બરાબર રમી ના શકે, તે માટે ઈંગ્લેન્ડના બોલરોએ પગ પાસે બોલિંગ કરવાનું શરૂ કર્યું. સચિનને અકળામણ થવા લાગી.

એમ કરતા કરતા લગભગ એક-દોઢ કલાક વીતી ગયો. હવે તેંડુલકર પોતાની શતકથી ફક્ત દસ જ રન દૂર હતા. એશલી જાઈલ - ઈંગ્લેન્ડના સ્પીન બોલર, ગેંદબાજી કરી રહ્યા હતા. બધા પ્રેક્ષકો, ઈન્ડિયાની ટીમ અને દુનિયાભરના તેંડુલકરના પ્રશંસકો એમની શતક પૂરી થવાની મિટ માંડીને રાહ જોઈ રહ્યા હતા. નકારાત્મક ગેંદબાજી ચાલુ જ હતી. એશલી જોઈલ ઉપરાઉપરી બધી ગેંદ પગ પાછળના સ્ટમ્પની બહાર નાખી રહ્યા હતા.



આખી ખેલદિલી વગરની ગેંદબાજીથી સચિનની અકળામણ એટલી વધી ગઈ કે એ આગળ વધીને સિક્સર મારવા ગયા અને... વિકેટકીપરે સતર્કતાથી એમને સ્ટમ્પ આઉટ કરી નાખ્યા. ગેમ પાછી ઈંગ્લેન્ડના પક્ષમાં થઈ ગઈ.

તો જોયુંને મિત્રો, અકળામણ કેટલી ભારે પડે છે ? સમજદાર માણસની પણ સમજ જતી રહે છે. માટે, નક્કી કરો કે કદી કોઈ વાતે અકળાઈશું નહીં.

# ચા
# લો
# ર
# મી
# એ...

૧.



આપેલા બોકસમાં ૨૦૧૬ કેટલી વાર છે ?
તે ગણો.




૨.




નીચેની
આકૃત્તિમાં
કેટલા હાર્ટ
શેઈપ છૂપાયેલા
છે તે શોધો.

## 3. બંને સસલાઓને રસ્તો શોધવામાં મદદ કરો.



# ઐતિહાસિક ગૌરવગાથાઓ

(આગલા અંકમાં જોયું કે સવચંદ શેઠના વહાણ પાછા ન આવવાથી લેણિયાતોએ એમની પાસેથી પૈસા ઉઘરાવવાના શરુ કરી દીધા. પોતાની પાસે હતા ત્યાં સુધી તો આપ્યા. પણ જ્યારે ઠાકોરે એના એક લાખ રુપિયાની ઉઘરાણી કરી ત્યારે એટલા પૈસા ન હોવાથી ભારે હૃદયે અમદાવાદમાં રહેતા સોમચંદ શેઠના નામે હૂંડી લખી આપી. લખતાં લખતાં એમની આંખમાંથી આંસુ સરી પડ્યા જેના બે ટીપાં હૂંડી પર પડ્યા. સોમચંદ શેઠ આમને ઓળખતા ન હતા કે એમના ચોપડામાં એમનું ખાતુ બોલતું નહોતું પણ હૂંડી પર પડેલા બે ટીપાં જોઈને એમણે ઠાકોરને લાખ રુપિયા ચૂકલી દીધા. હવે આગળ વાંચીએ...)

શેઠ સોમચંદના મનને ખૂબ શાંતિ થઈ. કોઈ સાધર્મિક સ્વમાની ભાઈએ દુઃખમાં આવી જવાથી હૂંડી લખી છે. જો આવા દુઃખી ભાઈના દુઃખમાં કામ ન આવું તો મારો અવતાર શા કામનો ? મનથી ખૂબ હરખાયા.

ઠાકોરે સવચંદ શેઠને હૂંડીના રૂપિયા મળી ગયાની વાત કરી. સવચંદ શેઠ વિચારે છે, ખરેખર તો ભગવાને મારી લાજ રાખી. સોમચંદ શેઠના દિલમાં પ્રભુ વસ્યા, ન ઓળખાણ ન પીછાન, પણ સ્વામી ભાઈની હૂંડી આનંદસહ સ્વીકારી રૂપિયા ગણી આપ્યા.

આ બાજુ સવચંદ શેઠનાં વહાણો જે ભયંકર તોફાનને લીધે એક ટાપુ પાસે રોકાઈ ગયેલાં તે તોફાન શમતાં વંથલી તરફ આવી રહ્યાના સમાચાર મળ્યા, અને થોડા દિવસમાં બધા જ વહાણો વંથલી માલ લઈને સહી સલામત આવી ગયા.



સવચંદ શેઠે માલ વેંચી પૈસા ઊભા કરી લીધા અને ઠાકોરને સાથે લઈને સોમચંદ શેઠના પૈસા ચૂકવવા અમદાવાદ ઊપડ્યા.

સોમચંદ શેઠની પેઢી ઉપર આવી સવચંદ શેઠે જય જીનેન્દ્ર કરી હૂંડીની વાત ઉલેખી.

સોમચંદ શેઠે મુનિમને પૂછ્યું, "ભાઈ જોને, સવચંદ શેઠને ખાતે કંઈ રકમ છે ?"

મુનિમ કહે, "હા રૂપિયા એક લાખ આપેલા. વ્યાજ સાથે ગણીને કહું છું. પણ કોઈના ખાતે લખ્યા નથી. ખર્ચ ખાતે લખીને આપ્યા છે."

"તો સવચંદ શેઠ વંથલીવાલા ખાતે કંઈ રકમ નથી ને ?" શેઠે પૂછ્યું.

મુનિમ કહે : ના એમના ખાતે નથી બોલતા.

શેઠ કહે, "મુનિમજી, મને બરાબર ખબર છે. એ હૂંડી મેં ખરીદી હતી. એના ઉપર લાખેણા માણસના બે આંસુ હતાં એ બંને આંસુ મેં એકેક લાખ એમ બે લાખમાં ખરીદયાં છે. એક લાખ આપી દીધા છે. બીજા એક લાખ આપવાના બાકી છે." પછી સવચંદ તરફ ફરીને કહ્યું, "શેઠ ! અમારું કોઈ લહેણું તમારી પાસે નીકળતું નથી અમે જૈન શ્રાવક છીએ. વગર હક્કનું નાણું અમે ન લઈ શકીએ."

સવચંદ શેઠ તો આ વાત સાંભળી હબકી ગયા. એમણે ગદ્ગદ કંઠે કહ્યું, "શેઠ ! આ શું બોલો છો ! આ નાણું હું તમને દેખાડવા નથી લાવ્યો. જો હું એ પાછું લઈ જાઉં તો ચાર હત્યાનું પાપ છે મને."

વાત તો વધી ગઈ. બંને મક્કમ. કોઈ પૈસા રાખવા તૈયાર નહીં. બાજુમાં ઉભેલા ઠાકોરનું તો કાળજું કહ્યું ન કરે ! મનોમનથી બોલાઈ ગયું, "વાહ વાણિયા વાહ !"


આખરે બંને જણે સંધિ કરી. "ગામના મહાજનને બોલાવવું અને એ જે ન્યાય કરે તે બંનેએ માન્ય રાખવો.

બીજે દિવસે મહાજન એકઠું થયું. બંનેએ પોતાની વાત રજૂ કરી. સવચંદ શેઠે સાક્ષી તરીકે ઠાકોરને ધર્યા.

મહાજનો બધી રીતે વિચારી ચુકાદો આપ્યો કે આ નાણા એક લાખ સોમચંદ શેઠના તથા સવા લાખ સવચંદ શેઠના ધાર્મિક કામે વાપરવા. શેત્રુંજય સંઘ લઈ જવો અને શેત્રુંજય ડુંગર ઉપર દહેરું બાંધવું.

વાજતે-ગાજતે અમદાવાદથી સાંઘ શેત્રુંજય આવ્યો. દર્શન-પૂજા કરી બંને શેઠે ડુંગર ઉપર બરાબર જગ્યા નક્કી કરી એક ટૂંક બંધાવી. જે આજે સવા સોમાની ટૂંકને નામે પ્રખ્યાત છે.

"શેઠ ! અમારું કોઈ લહેણું તમારી પાસે નીકળતું નથી અમે જૈન શ્રાવક છીએ. વગર હક્કનું નાણું અમે ન લઈ શકીએ."



# મીઠી યાદેં



ઘણા વર્ષો પહેલાની વાત છે. જન્મજયંતિનો પ્રસંગ હતો. દર્શનનો પ્રોગ્રામ હતો. લગભગ ૧૨૦૦ મહાત્માઓ ભેગા થયા હશે. એ વખતે દર્શન કેવી રીતે થતા હતા કે, બધા ફૂલના હાર લઈને જાય, નીરૂમાને હાર પહેરાવે, પછી એમના પગે વિધિ કરે, વિધિ પૂરી થાય પછી નીરૂમા પાછા એમને એમનો હાર પહેરાવે. ત્યાર બાદ એ મહાત્મા જાય અને બીજાનો વારો આવે. એટલે એક મહાત્મા પાછળ ૪ થી ૫ મિનિટ જાય.

હવે ત્યાં લાઈનમાં એકદમ ધક્કામુક્કી થઈ. બધાને એવું હતું કે અમારે પહેલાં જવું છે. આ ધક્કામુક્કીમાં થોડા ઘરડાં મહાત્માઓ કચડાઈ જાય કે પડી જાય એવું દેખાતું હતું. જે મહાત્મા લાઈન મેનેજ કરતા હતા એમણે બધાંને રીકવેસ્ટ કરી પણ કોઈ સાંભળતું નહોતું. અંતે એમણે માઈકમાં જાહેર કર્યું, ''પ્લીઝ, તમે બધા લાઈનમાં જ આવો. નંબર પ્રમાણે બધાને દર્શન થશે જ. ધક્કામુક્કી કરશો તો આપણે દર્શન બંધ કરાવી દઈશું.''

થોડી વારમાં બધું એની મેળે સેટ થઈ ગયું. એ દિવસે સાંજે બધા સેવાર્થીઓ નીરુમા પાસે બેઠા હતા. ત્યારે નીરુમાએ પેલા લાઈન મેનેજ કરતા મહાત્માને ટકોર કરતા કહ્યું, ''તમને ખબર છે કે તમે આ શું કર્યું?''

પેલા ભાઈને કંઈ સમજાયું નહીં.

નીરુમા બોલ્યા, ''દાદાનો નિયમ છે કે આ સત્સંગ માટે કે આ સત્સંગની કોઈ પણ પ્રવૃતિ માટે ક્યારેય નેગેટીવ ના હોવું જોઈએ. તમે બોલી જ કેમ શકો કે હું દર્શન બંધ કરાવી દઈશ. આજ સુધી અમે નથી બોલ્યા કે આ દર્શન બંધ કરીશું કે આ સત્સંગ બંધ કરીશું, તમે આ કઈ રીતે બોલી શકો ? આ કયો અહંકાર છે ?''

પછી એમણે દાદાની વાત કરતા કહ્યું, ''એક વાર કચ્છમાં જ્ઞાનવિધિનું આયોજન કરાયું હતું. પણ દાદાની તબિયત બગડતા જ્ઞાનવિધિ થઈ શકે એવું લાગતું નહોતું. ત્યારે દાદાએ કહ્યું હતું કે મેં એક વખત પ્રોમિસ કરેલું છે કે જ્ઞાનવિધિ થશે એટલે થઈને જ રહેશે.''

પછી નીરુમા જાણે અલ્ટીમેટ આપતા હોય એમ બોલ્યા, ''આ દાદાનો સિદ્ધાંત જ છે. આજ પછી ફરીથી ક્યારેય સત્સંગ માટે કે દર્શન માટે આવું ના જ જોઈએ. ગમે તે થાય, કોઈ પણ સંજોગો હોય, કોઈ પણ પરિસ્થિતિ હોય, સત્સંગ ડીક્લેર થયો તો સત્સંગ થશે જ. દર્શન નક્કી થયા તો દર્શન થશે જ. ફરી આવું ક્યારેય થવું ના જોઈએ.''

આ સાંભળી પેલા મહાત્મા તો નીરુમાના ચરણોમાં ઝૂકી જ ગયા.



# જન્માષ્ટમીના દિવસે અડાલજ ખાતે પુજ્યશ્રીની નિશ્રામાં શ્રીકૃષ્ણ જન્મની ભવ્ય ઉજવણી.

નાટક





રાસ



ડાન્સ



પપેટ શો



મટકી ફોડ





કૃષ્ણ જન્મ



## પઝલના જવાબો

૧. ૫ ૮

૨. ૨૬



Akram Express
September 2016
Year : 9, Issue : 1
Conti. Issue No.: 97

BALVIGNAN
Fun 'n' Gnan with Dada

Date of Publication on 08th of every month
RNI No. GUJGUJ/2008/26729
Reg. No. GAMC - 1690/2015-2017
valid up to 31-12-2017
LPWP Licence No. CPMG/GJ/27/2015
valid up to 31-12-2017
Posted at Adalaj Post office
on 08th of every month



# અને છેલ્લે છેલ્લે....



સ્વામી વિવેકાનંદ કાયમ કહેતા.....
જો આપણે એકબીજા સાથે આપણી પાસે રહેલા એક રૂપિયાની આપ-લે કરીએ તો આપણા બંને પાસે એક રૂપિયો જ રહે.

પણ ...

જો આપણે એકબીજા સાથે આપણી પાસે રહેલા એક સારા વિચારની આપ-લે કરીએ તો આપણા બંને પાસે બે સારા વિચારો રહે.

યાદ રાખજો .....

આપણું મન, ક્રોધ, દ્વેષ, ઈર્ષા સંઘરવાની કચરાપેટી નથી પણ પ્રેમ, આનંદ અને સુંદર સ્મૃતિઓ રાખવાની તિજોરી છે.
માટે કાયમ આનંદમાં રહો...

અક્રમ એક્સપ્રેસના સભ્યો માટે સૂચના

૧. આપનું વાર્ષિક લવાજમ પૂરું થાય છે તે શી રીતે જાણશો ? જો આપની આ મહિનાની આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # હોય તો જાણવું કે આ આપની છેલ્લી અક્રમ એક્સપ્રેસ છે. દા.ત. **AGIA4313 #** અને જો આ મહિનાના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં ## હોય તો જાણવું કે આ પછીના મહિનાની અક્રમ એક્સપ્રેસ છેલ્લી અક્રમ એક્સપ્રેસ રહેશે. દા.ત. **AGIA4313 ##.** અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

૨.જો આપને કોઈ મહિનાનું અક્રમ એક્સપ્રેસ ન મળે તો ફોન નં.૮૧૫૫૦૦૭૫૦૦ પર નીચેની વિગતો **SMS** કરવો.
૧) કાચી પાવતી નંબર અથવા **ID No.**, ૨) પાકુ એડ્રેસ-પીન કોડ સહિત ૩) જે મહિનાનું મેગેઝિન નથી મળ્યું એ મહિનો.

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક, મુદ્રક અને તંત્રી - શ્રી ડિમ્પલભાઈ મહેતા દ્વારા અંબા ઑફસેટ - પાર્શ્વનાથ ચેમ્બર્સ, ઉસ્માનપુરા, અમદાવાદ - ૧૪ ખાતે છપાવી પ્રકાશિત કર્યું છે.